અપીલ અરજી નં.૩૦૭ તા .૨૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શાંતિલાલ રામભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાંતિલાલ રામભાઈ પટેલની તા. ૧૭–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નાના વરાછા ગામમાં ગામતળમાં પટેલ ફળીયા અને કબ્રસ્તાન વચ્ચે જે રસ્તો છે તે રસ્તાની નકશાની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશોજી વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૭/૨૦૧૧–૧૨

શ્રી શાંતિલાલ રામભાઈ પટેલની તા. ૧૭–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નાના વરાછા ગામમાં ગામતળમાં પટેલ ફળીયા અને કબ્રસ્તાન વચ્ચે જે રસ્તો છે તે રસ્તાની નકશાની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશોજી વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તરફથી કોઈ પણ માહિતી નહીં આપ્યાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તથા જા.મા.અ. કક્ષાએ દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ,નિકાલની વિગતો તથા રસ્તા રીપેરીંગનો ખર્ચ જો રસ્તો બનાવેલ હોય તો હોઈ શકે તેમ છતાં તે અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૭ તા.૧૦–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૬–૩૮૭ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૮૬–૮૭ તા.૨૬–૦૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને માહિતી મળ્યા અંગેની પહોંચની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૮–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ ૮૩૨ તા.૧૮–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તથા આરડીડી ને અરજી તબદીલ કરવામાં આવેલ. જે ઈ.ચા. કાર્યપાલક અને મ. જાહેર માહિતી અધિકારી આરડીડી વિભાગ તરફથી પત્ર નં. આરડીડી/આ.નં.૩૪૯ તા.૨–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે કોઈ પ્રત્યુત્તર મળેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૯–૯–૧૧ ના રોજ અપીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૩૮૬–૩૮૭ તા.૨૬–૦૯–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી પૂરી પડાયેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) નાના વરાછા ગામમાં ગામતળમાં પટેલ ફળીયા અને કબ્રસ્તાન વચ્ચે જે રસ્તો છે તે રસ્તાની નકશાની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશોજી. મુદ્દા નં.(૨) નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે ખાડી પુરીને રસ્તો બનાવેલ હતો તે રસ્તાની નકશાની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશો. તેવા પ્રશ્ન નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાના વરાછા ગામતળના નકશાની નકલ વરાછાઝોનના ખાતામાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે રસ્તો રીપેરીંગ કરી બનાવવા અંગે સુમપામાં કરવામાં આવેલ ઠરાવની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે રસ્તો રીપેરીંગ કરી રસ્તો બનાવવામાં આવેલ જે અંગે સુમનપા તરફથી ઠરાવ કરવામાં આવેલ હોવાનું વરાછાઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) નાના વરાછા ગામમાં ગામતળમાં પટેલ ફળીયા અને કબ્રસ્તાન વચ્ચે ગામતળનો જુનો રસ્તો હતો તે રસ્તાની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાના વરાછા ગામતળના નકશાની નકલ વરાછાઝોનના ખાતામાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે ક્રોકરીટનો રસ્તો બનાવવા અંગે સુમપામાં કરવામાં આવેલ ઠરાવની નકલ નંગ–૧ જરૂરી ફી લઈ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર સ્થળ ઉપર ક્રોકીટ રસ્તો બનાવવા સુમપા તરફથી ઠરાવ કરવામાં આવ્યો હોય તેવી કોઈ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા

નં.(૬) નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે બનાવવામાં આવેલ રસ્તા અંગેના ખર્ચની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે રસ્તો રીપેરીંગ કરવા અંગે રૂા.૩૬૦૨૭.૭૩ નો ખર્ચ થયેલ. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) નાના વરાછાગામમાં મસ્જિદ અને સાંઈ દર્શન એપાર્ટ. વચ્ચે આવેલ રસ્તો ખુલ્લો કરવામાં કેમ નથી આવેલો તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ મુજબ માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) નાના વરાછા ગામમાં ગામતળમાં પટેલ ફળીયા અને કબ્રસ્તાન વચ્ચેથી જુનો રસ્તો જે ગીરનાર સોસા.માં જાય છે કેમ ખુલ્લો કરવામાં નથી આવતો તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ મુજબ માંગેલ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.વધુમાં જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૭ ૧૦–૧૦–૧૧ થી **તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તથા જા.મા.અ. કક્ષાએ દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ,નિકાલની વિગતો તથા રસ્તા રીપેરીંગનો ખર્ચ જો રસ્તો બનાવેલ હોય તો હોઈ શકે તેમ છતાં તે અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ તેના અનુસંધાનમાં કોઈ માહિતી મળેલ નથી. અરજદારે અપીલ દરમ્યાન કોઈ પણ પ્રકારની માહિતી આપી નથી કે માહિતી આપવા બાબત કોઈ પણ પ્રકારની લેખિત જાણ કરવામાં આવેલ નથી તેમ જણાવી અપીલ અરજી કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૫ તથા ૭ અને ૮ અંગે જા.મા.અ. કક્ષાએ દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ કે નિકાલની વિગતો પૂરી પાડવા તથા મુદ્દા નં.૬ અંગે રસ્તા રીપેરીંગ અંગેના ખર્ચ– તેની મંજુરીની ફાઈલની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)........જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાંતિલાલ રામભાઈ પટેલ, પટેલ